માનનીય મુખ્યમંત્રીશ્રીના ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ "સ્વાગત" સંબંધે હાથ ધરવાની કાર્યવાહી બાબત...

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

**ક્રમાંક: વસફ/૧૦૨૦૧૬/૬૭૯૧/ડ,**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખ: ૧૦/૦૯/૨૦૧૮**

**પરિપત્ર:-**

રાજ્યના નાગરિકોની ફરિયાદના ઝડપી નિકાલ કરવાના ઉમદા હેતુથી માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં દર માસના ચોથા ગુરુવારે "રાજ્ય સ્વાગત કાર્યક્રમ " યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી અરજદારના પ્રશ્નો/રજુઆત રુબરુ સાંભળે છે. રાજ્યકક્ષાના આ સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્ન/ રજુઆત અન્વયે સબંધિત વહીવટી વિભાગના વડા અને તે વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા હાજર રહે છે. જ્યારે સબંધિત જિલ્લા કક્ષાએ સ્થાનિક વહીવટીતંત્રના વડાને ઉપસ્થિત રહેવાનું હોય છે. માન. મુખ્યમંત્રીશ્રી તે તમામની સાથે રુબરુ/વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અરજદારના પ્રશ્ન સંબધે સીધી ચર્ચા કરે છે.

૨/. સ્વાગત કાર્યક્રમ ચાલુ થાય ત્યારે અરજદારની રજુઆત અંગેની વિગતોની માહિતીથી માન.મુખ્યમંત્રીશ્રીને વાકેફ કરી શકાય અને અરજદારની રજુઆત પરત્વે યોગ્ય સૂચના માન.મુખ્યમંત્રીશ્રી આપી શકે તે સારૂ રાજ્ય સ્વાગત કાર્યક્રમના દિવસે શી કાર્યરીતિ અનુસરવી તેની સૂચના પણ માન. મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ તરફથી તમામને આપવામાં આવેલ છે તે મુજબની કાર્યવાહી તમામ સબંધિતોએ હાથ ધરવાની રહે છે.

૩/. ઉક્ત સૂચના મુજબ અરજદારની અરજી /રજુઆત કાર્યક્રમના દિવસે "સ્વાગત" ની વેબ સાઈટ પર ઓનલાઈન મુકવામાં આવે છે. અરજદારની અરજીમાંની રજુઆત પરત્વે સબંધિત પોલીસ કમિશ્નરશ્રી અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી પૂર્તતા સાથેનો સ્વયંસ્પષ્ટ અહેવાલ ઓનલાઈન અપલોડ કરવાનો હોય છે. પરંતુ, તેઓ તરફથી અહેવાલ સમયસર ઓનલાઈન અપલોડ કરવામાં આવતો નથી અને અપલોડ કરવામાં આવેલ અહેવાલમાં અરજદારની રજુઆતના તમામ મુદ્દાઓને સાંકળીને સ્વયંસ્પષ્ટ અહેવાલ મુકવામાં નથી આવતો તેવુ ધ્યાને આવેલ છે.

૪/. આથી, રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં હાથ ધરવામાં આવતી અરજીઓ પરત્વે કાર્યવાહી કરવાના સંદર્ભમાં આ વિભાગના તા.૩૦/૦૬/૨૦૧૬ ના સમાન ક્રમાંકના પત્રથી આપેલ સૂચના તરફ તમામનું પુનઃ ધ્યાન દોરવામાં આવે છે અને નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે;

(૧) સ્વાગત કાર્યક્રમમાં ચર્ચા હેઠળની રજુઆતની યાદી રાજ્ય સ્વાગત કાર્યક્રમના દિવસે સવારના ૧૦.૩૦ કલાકથી તબક્કાવાર અપલોડ કરીને જાહેર કરવામાં આવે છે. તે યાદી "સ્વાગત"ની વેબસાઈટ http://swagat.gujarat.gov.in પરથી મેળવી પોતાનું કાર્યક્ષેત્ર ધરાવતી અરજી, જે એક થી વધારે પણ હોઈ શકે, તે ચકાસી સબંધિત અધિકારીએ, તે અરજી/અરજીઓના તમામ મુદ્દાઓ આવરી લેતો અહેવાલ તે જ દિવસે ૧૩.૦૦ કલાક સુધીમાં "સ્વાગત" ની વેબસાઈટ પર બિન-ચૂક અપલોડ કરવાનો રહેશે.

(૨). અહેવાલ ફેક્સ (૦૭૯-૨૩૨ ૫૨૦૭૫) મારફતે તેમ જ ઈ-મેલ (ds-compl-home@gujarat.gov.in) પર નાયબ સચિવ (ફરિયાદ) ને મોકલી આપવાનો રહેશે.

(૩). અહેવાલ સ્વયં સ્પષ્ટ અને મુદ્દાવાર હોવો જોઇએ એટલે કે અરજદારની રજુઆતના મુખ્ય મુદ્દાઓ, માંગણીના મુદ્દાઓ અને તેના નિરાકરણ માટે થયેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ અને મુદ્દાવાર હોવી જોઈશે.

(૪). સ્વાગત કાર્યક્રમમાં લેવાયેલ અરજી અથવા રજુઆત હેઠળની બાબતમાં સબંધિત પોલીસ અધિકારી(પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી)એ સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) પોલીસ કમિશનરશ્રી, તમામ

(૨) પોલીસ અધિક્ષકશ્રી, તમામ

નકલ :-

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ) ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી(ક્રાઈમ અને રેલવેઝ), પોલીસ ભવન, ગાંધીનગર.
- વિભાગીય પોલીસ મહાનિરીક્ષકશ્રી, તમામ
- આઈ.ટી. સેલ/ગૃહ વિભાગ